# માણસની જેમ દરેક વનસ્પતિની પણ એક આગવી ફિંગરપ્રિન્ટ હોય છે

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,રવિવાર

દરેક વ્યક્તિની જેમ પ્રત્યેક વનસ્પતિની પણ અલગ અલગ ફિંગરપ્રિન્ટ હોય છે! વનસ્પતિમાં રહેલા અલગ અલગ રસાયણોના સંયોજનથી આ જુદી જુદી ફિંગરપ્રિન્ટ તૈયાર થાય છે. આ ફિંગરપ્રિન્ટને ક્રોમેટોગ્રાફી નામની પધ્ધતિથી ઓળખી શકાય છે. ફિંગરપ્રિન્ટીંગ પધ્ધતિને ઉપયોગ, વનસ્પતિજન્ય ઔષધોના ઉત્પાદન વેળાની વનસ્પતિની ગુણવત્તા, વનસ્પતિમાં રહેલા રસાયણોનું સંયોજન અને એમા થયેલા ફેરફાર તેમજ સંગ્રહ પછીની વનસ્પતિની ગુણવત્તા વગેરે જાણવામાં થાય છે.

અત્રેના વાઘોડિયા તાલુકાના લીમડા ખાતે આવેલી પારૂલ ઈન્સ્ટિટ્યુટની બરોડા કોલેજ ઓફ ફાર્મસીએ યોજેલા ફાર્માફેસ્ટ ૧૦ના બે દિવસીય કાર્યક્રમ અંતર્ગત પોસ્ટર પ્રદર્શનમાં જોવા મળેલા ક્રોમેટોગ્રાફિક ફિંગરપ્રિન્ટ એનાલિસિસ ફોર હર્બલ મેડીસીન્સ શીર્ષકયુક્ત પોસ્ટરમાં વનસ્પતિની ફિંગરપ્રિન્ટની ઉપરોક્ત વાત વિગતે સમજાવાઈ છે.

ઉમરાખ (બારડોલી)ની વિદ્યાભારતી ટ્રસ્ટ કોલેજ ઓફ ફાર્મસીની વિદ્યાર્થિની કિંજલ શાહના આ પોસ્ટરમાં ક્રોમેટોગ્રાફી ફિંગરપ્રિન્ટીંગ નામની ઉપરોક્ત અતિ વિશિષ્ટ પધ્ધતિથી વનસ્પતિજન્ય દવાઓની એના ઉત્પાદન વખતની તેમજ સંગ્રહ સમયનું ગુણવત્તાને જાળવી શકાય છે. આ પધ્ધતિ અતિ સુક્ષ્મપણે વનસ્પતિજન્ય દવાઓના ઉત્પાદનની ગુણવત્તાનું નિયમન કરી શકે છે.

સ્ટેમસેલ થેરપી ફોર કાર્ડિયાક ડીસીઝ મેજર બ્રેક થ્રુ શીર્ષકવાળા પોસ્ટરમાં દર્શાવાયા મુજબ સ્ટેમસેલ એક કોષમાંથી અનેક કોષ બનાવવા માટે જાણીતા છે. એમના ઉપયોગથી હૃદયના મૃત કોષો કેવી રીતે પુનર્જીવન પામે છે એ પોસ્ટરમાં સમજાવાયું હતું.

સ્ટેમસેલના આવા ઉપયોગથી માયોકાર્ડિયલ ઈન્ફેકશન (એમઆઇ) જેવી હૃદયની બીમારી મટી હોવાના કિસ્સા નોધાયા છે. આ માટે જરૂરી સ્ટેમસેલ, માતાના શરીરમાના ભ્રૂણ અને એની સાથે જોડાયેલી નાળમાંથી મેળવવામાં આવે છે. આ પોસ્ટર જાગૃત જે. શ્રોફ, મીતેશ મોતિસરિયા અને વર્ષા પટેલ નામના વિદ્યાર્થીઓએ તૈયાર કર્યુ હતુ.

મહોત્સવમાં આજે મોડેલ મેકીંગ સ્પર્ધા અને ક્વીઝ યોજાયા હતા. મોડેલ મેકીંગ માટે ફાર્મસી ક્ષેત્રના ફાર્માસ્યુટિક્સ, ફાર્માકોલોજી, ફાર્માસ્યુટિકલ એનાલિસિસ, ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રી તેમજ ફાર્માકોગ્નોસી જેવા વિવિધ વિષયોની વિગતોનો ઉપયોગ કરાયો હતો.

## હૃદયરોગની સારવારમાં પણ સ્ટેમસેલ થેરાપી ઉપયોગી

## પારૂલ ઈન્સ્ટિટ્યુટ ખાતે ફાર્માફેસ્ટ ૧૦નું સમાપન